જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૬/૧૨/૨૦૧૫ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૪૪૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી ૯૧ લીટર દેશી દારૂ, ૬૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધાર હેઠળ ૦૧ કેસ ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૮૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૪૪૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૨૪૪૯/૧૫**

**નિકોલ :** રમેશભાઇ કાનુજી ખાંટ (રહે.બળીયાદેવનો ટેકરો, ઇન્દીરાનગરનાં છાપરાં સામે, નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૧૨/૧૫ ના કલાક ૭/૧૫ થી ૭/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ઘર નજીક આવેલ બળીયાદેવનાં ટેકરા પાસેનાં ભાથીજીનાં મંદિર નજીકથી પોતાની પુત્રી કાળીબહેન (ઉ..વ.૭)ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ.પો.ઇ.શ્રી એચ.જે.ચૌધરી ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૪૫૦/૧૫**

**કારંજ :** પંકજકુમાર રમેશચંદ્ર ઝાલા (રહે.પી.એન.ટી.સોસાયટી, મલાવ તલાવ, જીવરાજપાર્ક) એ તા.૦૫/૧૨/૧૫ નારોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૩/૧૫ થી તા.૧૨/૫/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઇમરાન ઇબ્રાહીમખાન પઠાણ (રહે.અમદાવાદ) નાએ એલ.આઇ.સી. ઓફ ઇન્ડીયાની અલગ-અલગ બ્રાન્ચોમાં પોલીસીનું શરણ મુલ્ય મેળવવા સારૂ ખોટા નામે અરજીઓ કરી કુલ રૂપિયા ૧૫,૦૨,૦૮૫/- પોતાના બેંક એકાઉન્ટમાં જમા કરાવી મેળવી લઇ, એલ.આઇ.સી.ની વિવિધ બ્રાંચો સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.પાંડર ચલાવે છે.

**શહેરકોટડા :** હંસાબહેન સુરેશભાઇ પટણી (ઉ.વ.૩૫)(રહે.મામુ પઠાણની ચાલી, પંજાબ સોસાયટીની બાજુમાં, ચમનપુરા) એ તા.૦૫/૧૨/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૦/૧૫ નાં કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે નરોડા ચામુંડાબ્રીજ નીચે બે અજાણ્યા પુરૂષ હંસાબહેનને વિશ્વાસમાં લઇ, યુક્તિ-પ્રયુક્તિ વાપરી, હંસાબહેનની સોનાની બુટ્ટી અને પગનાં ચાંદી આંકડા મળી કુલ રૂપિયા ૨૨,૦૦૦/- મતાનાં દાગીના મેળવી લઇ, હંસાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.મકવાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)